Extra No. 90

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, APRIL 9, 2026 / CHAITRA 19, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી માર્ચ, ૨૦૨૬

જાહેરનામા કમાંક : GHKH/41/2026/ACD/AMR/e-file/2/2025/3703/G:- ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માંગરોળ, જિ. જૂનાગઢ (જેનો હવે પછી ટૂંકમાં બજાર સમિતિ તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) એ ધી ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩(જેનો હવે પછી ટૂંકમાં બજાર ધારા તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) અન્વયે રચાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે અને ખેત ઉત્પન્ન બજાર ધારો, નિયમો અને પેટા નિયમોમાં થયેલ જોગવાઈઓનું પાલન કરવાની તેની પ્રાથમિક ફરજ છે. હાલની બજાર સમિતિની ચૂંટાયેલી કમિટીએ બજાર ધારો, તે અન્વયેનાં નિયમો તથા ખાતાની વખતોવખતની સ્થાયી સૂચનાઓનું અમલ નહી કરી, કામગીરી બજાવવામાં/વહીવટ કરવામાં બજાર સમિતિના સભ્યો નિષ્ફળ નિવડ્યા હોવાનું સરકારશ્રીના ધ્યાને આવેલ છે.

૨. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માંગરોળ, જિ. જૂનાગઢમાં કર્મચારીઓને મે-૨૦૨૩ થી મે-૨૦૨૫ સુધી પગાર ચૂકવાયેલ ન હોવાની રજૂઆતો નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્રને મળતાં, તેઓ દ્વારા નાયબ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રાર, જૂનાગઢને આ અંગે હકીકતલક્ષી અહેવાલ મોકલી અપાવા જણાવેલ. માંગેલ અહેવાલ સમયમર્યાદામાં ન મળતાં નિયામકશ્રી દ્વારા તા.૨૯/૦૮/૨૦૨૫ના રોજ બજાર સમિતિના ચેરમેનશ્રી, જિલ્લા રજિસ્ટ્રારશ્રી તથા સહકારી અધિકારી(બજાર)ને જરૂરી રેકર્ડ સાથે રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું. પરંતુ તે દિવસે કોઈ હાજર ન રહેતાં, નિયામકશ્રીએ પુન: તા.૧૫/૦૯/૨૦૨૫ના ૧૫.૦૦ કલાકે તમામને આ બાબતે હાજર રહેવા જણાવેલ.

૩. સુનાવણીમાં ચેરમેન દ્વારા જણાવેલ કે "ટેકાના ભાવની ખરીદી, માર્કેટ ફી મળે તો પગાર ચૂકવી શકાય તેમ છે. નોન રીફંડેબલ ડીપોઝિટની રકમમાંથી પગાર ચૂકવવા સંમત નથી, તેમ છતાં આગામી બોર્ડની બેઠક બોલાવી નિર્ણય લેવામાં આવશે."

૪. આ અંગે જિલ્લા રજીસ્ટ્રાર, જૂનાગઢનાં તા.૦૬/૧૦/૨૦૨૫ના રોજના અહેવાલ મુજબ બજાર સમિતિ, માંગરોળના કર્મચારીઓ દ્વારા તેઓને લાંબા સમયથી પગાર ભથ્થાં ચૂકવવાના બાકી હોવાની વારંવારની રજૂઆતો સંદર્ભે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, જૂનાગઢ દ્વારા બજાર સમિતિને વારંવાર તાકીદ કરવામાં આવેલ હોવા છતાં બજાર સમિતિના ચેરમેનશ્રી/બોર્ડ ઓફ ડીરેક્ટર્સ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં

આવેલ નથી. તેમજ નિયામકશ્રીની તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ સુનાવણીમાં ચેરમેનશ્રી દ્વારા બોર્ડની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે તેમ જણાવેલ હતું. પરંતુ અત્રે ઉપલબ્ધ અદ્યતન માહિતી મુજબ બજાર સમિતિ, માંગરોળ દ્વારા છેલ્લે તા.૧૦/૦૨/૨૦૨૬ના રોજ બૉર્ડ મિટિંગ બોલાવવામાં આવેલ. પરંતુ તેમાં નિયમ મુજબનું કોરમ ન થતા સદરહુ બોર્ડ બેઠક મુલત્વી રાખવામાં આવેલ છે અને આ સિવાય આજ દિન સુધી બજાર સમિતિ, માંગરોળ દ્વારા કોઈ બોર્ડ બેઠક બોલાવવામાં આવેલ નથી.

૫. ધી ગુજરાત એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ રૂલ્સ, 1965ના નિયમ-૩૫(૨)ની જોગવાઈ મુજબ "બજાર સમિતિના સામાન્ય કામકાજનો નિકાલ કરવા માટે દરેક વર્ષમાં બજાર સમિતિની સાધારણ સામાન્ય સભા દર બે મહિને એક વાર ભરવી અને સભાપતિને જરૂર જણાય તેવી બીજી સાધારણ સભા અને ખાસ સામાન્ય સભાઓ ભરવી"

જિલ્લા રજિસ્ટ્રારશ્રી, જૂનાગઢના ઉક્ત અહેવાલ મુજબ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માંગરોળ દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૫ બાદ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગ બોલાવવામાં આવેલ ન હોઈ તેઓ દ્વારા સદરહુ જોગવાઈનો ભંગ કરેલ છે.

આમ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માંગરોળ દ્વારા ધી ગુજરાત એગ્રીકલ્ચરલ પ્રોડયુસ માર્કેટ રૂલ્સ-૧૯૬૫ મુજબ બજાવવાની થતી ફરજો ન બજાવેલ હોઈ આ નિયમોની કલમ-૪૬(૧) મુજબ તેને પદચ્યુત કરવા નિયામકશ્રીએ દરખાસ્ત કરેલ.

૬. ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૪૬(૧)ના પ્રોવિઝોની જોગવાઈ મુજબ બજાર સમિતિને તેને શા માટે પદચ્યુત ન કરવી જોઈએ તેનું કારણ દર્શાવવાની વાજબી તક આપવી જોઈશે અને બજાર સમિતિના કાંઈ ખુલાસા અને વાંધા હોય તો તે વિચારણામાં લેવા જોઈશે.

જે અનુસંધાને અત્રેની તા.૨૯/૦૧/૨૦૨૬ની સરખા ક્રમાંકની યાદીથી બજાર સમિતિ, માંગરોળને કારણદર્શક નોટિસ આપવામાં આવેલ અને તે પરત્વે દિન-૧૫માં ખુલાસો મોકલી આપવા જણાવેલ. સદરહુ નોટિસ બજાર સમિતિને તા.૦૫/૦૨/૨૦૨૬નાં રોજ બજવણી થયેલ. જે જોતા ૧૫ દિવસની સમયમર્યાદા તા.૧૯/૦૨/૨૦૨૬નાં રોજ પૂર્ણ થતી હતી.

તે પહેલા બજાર સમિતિ તથા તેઓનાં વકીલે અનુક્રમે તા.૧૩/૦૨/૨૦૨૬ તથા તા.૧૬/૦૨/૨૦૨૬ની રજૂઆતથી આ કારણદર્શક નોટિસ અન્વયે ખુલાસો કરવા સદરહુ નોટિસ જિલ્લા રજિસ્ટ્રાર, જૂનાગઢનાં તા.૦૬/૧૦/૨૦૨૫નાં જે અહેવાલનાં આધારે આપવામાં આવેલ છે તે અહેવાલની નકલ આપી ખુલાસો રજૂ કરવાની સમય-મર્યાદા વધારી આપવા વિનંતી કરેલ.

૭. સદરહુ અધિનિયમની કલમ-૪૬(૧)ના પ્રોવિઝોની જોગવાઈ અનુસાર રાજ્ય સરકારે બજાર સમિતિને તેને શા માટે પદચ્યુત ન કરવી જોઈએ, તેનું કારણ દર્શાવવાની વ્યાજબી તક આપવી જોઈશે અને બજાર સમિતિના કોઈ ખુલાસા અને વાંધા હોય તો તે વિચારણામા લેવા જોઈશે.

આથી બજાર સમિતિ, માંગરોળ દ્વારા કરવામાં આવેલ રજૂઆતના અનુસંધાને અત્રેનાં તા.૧૮/૦૨/૨૦૨૬નાં ઈ-મેઈલથી માંગ્યા મુજબના સાધનિક કાગળો પૂરા પાડવામાં આવેલ તથા ખુલાસો રજૂ કરવાની સમય-મર્યાદા દિન-૧૦ વધારી આપેલ.

૮. જે અન્વયે શ્રી દિપન દેસાઈ, વકીલશ્રી, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માંગરોળે તા.૨૮/૦૨/૨૦૨૬ના ઈ-મેઈલથી ખુલાસો મોકલી આપેલ છે. જેમાં મુખ્યત્વે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે.

1. It would not be out of place to state that, as far as the agriculturist constituency of the Agricultural Produce Market Committee, Mangrol is concerned, the Director, Agriculture Marketing Rural Finance, Gujarat State has in appeal No. 2 of 2022 set aside the election of the agriculturist constituency, vide order dated 19.10.2022. Against the aforesaid order the elected members from the agriculturist constituency whose election was set aside have approached the Hon'ble High Court of Gujarat, by way of Special Civil Application No. 22043 of 2022. The Hon'ble High Court has vide order dated 21.10.2022, has been pleased to pass an interim order of status quo as to election. Therefore, when there is an order of maintaining status quo for election by the Hon'ble High Court, the fresh elections have not been held and the agriculturist constituency has not been represented which has also affected the constitution of the market land and therefore no order can be passed, which would further adversely affect the constitution of the market committee. Hence, the present show cause notice may not be proceeded further.

2. The main ground on which the Show Cause Notice is issued is that Agricultural Produce Market Committee has not paid the salary of employees since long. It is also alleged that the Chairman has refused to make use of the non-refundable deposits for the purpose of making payment of the salary. Apropos the same, it would be relevant to state that the deposits cannot be used for the purpose of payment of salary and deposits have to be kept as deposits with the market committee, which can be used for any capital expenditure that can be incurred by the market committee. Further, the market committee has a large number of outstanding dues from the State Government with regards to the outstanding market fees for the purpose of purchasing groundnut and other agricultural produce under the Price Support Scheme, and an amount of approx. Rs. 64,00,000/-is due from the State Government since 2017-18 and

Rs. 17,00,000/- for the year 2018-19, which the State Government is not paying to the market committee, though the State Government has undertaken to pay by issuing notification. The Agricultural Produce Market Committee, Mangrol has on various occasions requested the State Government to make payment of the said amount, however the State Government has not made payment of the said amount. If the State Government wants the market committee to make payment of salary, the State Government may disburse the amount of outstanding fees which is to the tune of approx. Rs. 81,00,000/-so that the market committee can make payment of the salary.

3. it would not be out of place to state that the APMC, Mangrol has approached the Hon'ble High Court by way of Special Civil Application No. 9667 of 2018 seeking a direction upon the state government to pay the outstanding market fees due to be paid to the APMC, Mangrol. In the said petition, there are various orders passed by the Hon'ble High Court recording that the state government is seeking time to take instructions as to when the amount will be paid. However, till date the payment is not made. The above matter is still pending before the Hon'ble High Court for adjudication.

4. As far as the charge with regards to the alleged violation of Rule 35 is concerned, it is submitted that the said provision for calling meetings every two months is a directory provision and cannot be considered to be mandatory provision. An elected body of the market committee cannot be superseded on account of non-calling of the meeting every two months.

૯. જે અન્વયે નિયામકશ્રીએ તા.૧૩/૦૩/૨૦૨૬ના પત્રથી SCA No.22043/2022ના સંબંધમાં નીચે મુજબ વિગતો મોકલી આપેલ છે.

1. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માંગરોળની સામાન્ય ચૂંટણી તા.૨૫/૦૪/૨૦૨૨ના રોજ થયેલ હતી અને તા.૨૬/૦૪/૨૦૨૨ના રોજ પરિણામ જાહેર થયેલ હતું.

2. જેમાં ખેડુત મત વિભાગના ૧૦ સભ્યો, વેપારી મત વિભાગના ૪ સભ્યો તથા સહકારી ખરીદ વેચાણ મંડળીઓનો મતવિભાગના ૨ સભ્યો ચૂંટાયેલા હતા. જે પૈકી ખેડૂત વિભાગાના ચૂંટાયેલા ૧૦ સભ્યો સામે ગુજરાત ખેતી ઉત્પન્ન બજાર બાબતના નિયમો,૧૯૬૫ના નિયમ-૨૮ અન્વયે નિયામકશ્રીની કચેરીમાં ઈલેક્શન પીટીશન અપીલ અરજી નં.-૦૨/૨૦૨૨ દાખલ થયેલ હતી. જેમાં નિયામકશ્રીની કચેરીએ તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ તા.૧૯/૧૦/૨૦૨૨ના રોજ અપીલ અરજી ગ્રાહ્ય રાખી ખેડૂત વિભાગના ચૂંટાયેલા ૧૦ સભ્યોની ચૂંટણી રદ કરી ત્રણ માસમાં નવેસરથી ચૂંટણીની કાર્યવાહી કરવા હુકમ કરેલ હતો.

3. ઉક્ત તા.૧૯/૧૦/૨૦૨૨ના હુકમ સામે શ્રી રાજેશભાઈ નારણભાઈ છેલાણા અને અન્ય-૯ એ નામ.ગુજરાત હાઈકોર્ટમાં SCA No.22043/2022 દાખલ કરેલ હતી. જેમાં નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૨૧/૧૦/૨૦૨૨ના રોજ નોટીસ ઈસ્યુ કરી "In the meanwhile, there shall be status quo as to the election till the next date of hearing" નો હુકમ કરેલ છે. જે વખતો-વખત લંબાવવામાં આવેલ છે અને હવે પછીની આ કેસની સુનાવણી તા.૦૨/૦૪/૨૦૨૬ના રોજ રાખવામાં આવેલ છે. જે જોતાં બજાર સમિતિ માંગરોળમાં હાલ ૧૦-ખેડૂત સભ્યો સિવાયના અન્ય સભ્યો કાર્યરત છે.

૧૦. આમ, બજાર સમિતિ, માંગરોળને અત્રેથી તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ આપવામાં આવેલ કારણદર્શક નોટિસ, તે પરત્વે તેઓએ તા.૨૮/૦૨/૨૦૨૬નાં રોજ કરેલ ખુલાસો તથા તે પરત્વે નિયામકશ્રીએ પૂરી પાડેલ વિગતો ધ્યાને લેતા નીચેના મુદ્દાઓ ધ્યાને લેતા બજાર સમિતિ, માંગરોળે કરેલ ખુલાસાઓ/રજૂઆત ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી.

(૧) સદરહુ કોર્ટ કેસનું ગ્રાઉન્ડ/આધાર અલગ છે. જ્યારે પ્રસ્તુત કિસ્સામાં અન્ય કારણોસર બજાર સમિતિ, માંગરોળને પદચ્યુત કરવાની બાબત વિચારાધીન છે તેનું ગ્રાઉન્ડ અલગ છે.

SCA No.22043/2022 ખેડુત વિભાગના ચૂંટાયેલા ૧૦ સભ્યોની ચૂંટણી રદ કરવાના નિયામકશ્રીના તા.૧૯/૧૦/૨૦૨૨ના નિર્ણય સામે થયેલ છે. જ્યારે પ્રસ્તુત બાબત બજાર સમિતિ, માંગરોળના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ તરીકે ૬ સભ્યોનું જે માળખુ અમલમાં છે તેની સામે/તેના પૂરતો નિર્ણય લેવાનો રહે છે. પ્રસ્તુત કેસમાં બજાર સમિતિ, માંગરોળ ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અંગેના નિયમો,૧૯૬૫નાં નિયમ:૩૫(૨) મુજબની ફરજો બજાવવામાં નિષ્ફળ રહેલ હોઈ, તેઓની કામગીરી થકી જે આવક થતી હોય તેમાંથી ૨ વર્ષ ઉપરાંતના સમયગાળા માટે કર્મચારીઓનો પગાર કરવામા આવેલ ન હોય જે ખૂબ ગંભીર બાબત છે અને આ બાબતને નિયામકશ્રી તથા સંબંધિત સત્તાધિકારીની સૂચના મુજબ બોર્ડ બેઠકમાં ચર્ચવામાં પણ નિષ્ફળ ગયેલ હોઈ પદચ્યુત કરવા બાબતે છે.

(૨) વધુમાં બજાર સમિતિ, માંગરોળને નોન-રિફંડેબલ ડિપોઝિટમાંથી પણ કર્મચારીઓના પગાર કરવા માટે જણાવવામાં આવેલ. પરંતુ ચેરમેને આ બાબત બોર્ડ મિટિંગમાં ચર્ચા કરી નિર્ણય લેવામા આવશે તેમ જણાવેલ અને ત્યારબાદ બોર્ડ મિટીંગ બોલાવેલ નથી. સદરહુ ખુલાસામાં બજાર સમિતિએ તેના બચાવમાં જણાવેલ છે કે આવી ડિપોઝિટનો ઉપયોગ પગાર ચૂકવવા માટે કરી શકાય નહીં અને તે બજાર સમિતિને જરૂરી એવા મૂડી ખર્ચના કામો માટે આરક્ષિત રાખવી જરૂરી છે.

બજાર સમિતિ ફંડ અંગે APMC Act, 1963ની કલમ-૩૨ની જોગવાઈ નીચે મુજબ છે.

"(૩૨) બજાર સમિતિને મળેલા તમામ નાણાં "બજાર સમિતિ ફંડ" એ નામના એક ફંડમાં ભરવાં જોઇશે અને આ અધિનિયમ મુજબ અથવા તેના હેતુઓ માટે બજાર સમિતિએ કરેલુ તમામ ખર્ચ, સદરહું ફંડમાંથી ચુકવવું જોઇશે. તેવુ ખર્ચ ભરપાઇ કર્યા પછી, બજાર સમિતિ પાસે જે કંઇ નાણાં બાકી રહે તે, આ અર્થે ઠરાવવામાં આવે તેવી રીતે રોકવાં જોઇશે."

"કલમ-૩૩(૫)ની જોગવાઈ નીચે મુજબ છે.

(૫) તેણે નોકરીએ રાખેલા અધિકારીઓ અને નોકરોના પગાર, પેન્શન, રજાનાં ભથ્થાં, ગ્રેચ્યુઈટી, અકસ્માતથી થયેલી ઈજાઓ માટે વળતર, રહેમ ભથ્થાં આપવા માટે અને રજાનાં ભથ્થામાં, પેન્શનમાં અથવા પ્રોવિડન્ટ ફંડમાં ફાળા આપવા માટે “અને તેઓને બજાર સમિતિ નક્કી કરે તેટલી રકમની, તેટલા વ્યાજના દરે અને તેવા હેતુઓ માટે લોન આપવા માટે."

(૩) ખુલાસામાં ટેકાના ભાવે કરવામાં આવતી ખરીદીની સામે ફી ચૂકવવા સંબંધે નામ.કોર્ટમાં કેસ પડતર હોવાનું તથા આ મુજબની ફી/આવક મળતી ન હોવાનું કારણ આપીને પગાર ચૂકવવામાં અસમર્થ હોવાનું જણાવેલ છે. આ બાબત માત્ર એક જ બજાર સમિતિને સંબંધિત નથી પરંતુ રાજ્યની તમામ બજાર સમિતિઓને સંબંધિત છે. પરંતુ આને લીધે રાજ્યની કોઈ પણ બજાર સમિતિ દ્વારા તેના કર્મચારીઓને પગાર ન ચૂકવવાની બાબત બનવા પામેલ હોય તેવુ અત્રેના ધ્યાનમાં નથી. વધુમાં PSS હેઠળ ભારત સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. આથી તે અંગે માર્કેટ સેસ ચૂકવવાની બાબત ગાઇડલાઇનને આધીન છે.

(૪) વધુમાં બોર્ડ બેઠકનું આયોજન ક્યારે કરવામાં આવશે કે ક્યા કારણોથી કરવામાં આવેલ નથી તે અંગે કોઈ વિગતો જણાવેલ નથી. પરંતુ બોર્ડ બેઠક ન યોજવાના જસ્ટિફિકેશનમાં જણાવેલ છે કે આ જોગવાઈ ફરજિયાત(mandatory) જોગવાઈ ન હોતા માર્ગદર્શક(Directory) જોગવાઈ છે. જ્યારે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અંગેના નિયમો,૧૯૬૫નાં નિયમ:૩૫(૨) મુજબ દર બે મહિને એક વાર સામાન્ય સભા ભરવી ફરજિયાત(Shall be) છે.

૧૨. ઉક્ત તમામ વિગતો ધ્યાને લઈ, બજાર સમિતિ, માંગરોળ ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અંગેના નિયમો,૧૯૬૫નાં ૩૫(૨) મુજબની ફરજો બજાવવામાં નિષ્ફળ રહેલ હોઈ તથા આ મુજબની કાર્યવાહી હાથ ધરવા માટે સંબંધિત સત્તાધિકારીશ્રી દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પણ પાલન કરેલ ન હોઈ બહોળા હિતમાં બજાર સમિતિ, માંગરોળને ચાલુ રાખવી ઉચિત જણાતી ન હોઈ ધી ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૪૬ હેઠળ બજાર સમિતિ, માંગરોળની હાલમાં અસ્તિત્વ ધરાવતી ૬ સભ્યોની બજાર સમિતિને SCA No.22043/2022ના આખરી ચૂકાદાને આધીન પદચ્યુત કરવા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું કાનન પંડ્યા, નાયબ સચિવ(ધિરાણ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધી ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૪૬ હેઠળ મળેલ સત્તાની રૂએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માંગરોળની હાલમાં અસ્તિત્વ ધરાવતી ૬ સભ્યોની બજાર સમિતિને SCA No.22043/2022ના આખરી ચૂકાદાને આધીન આથી પદચ્યુત કરૂ છું અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-માંગરોળના વહીવટદાર તરીકે જિલ્લા રજીસ્ટ્રારશ્રી, જૂનાગઢની આથી નિમણૂક કરૂં છું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કાનન પંડ્યા,

સરકારના નાયબ સચિવ (ધિરાણ).

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.27 16:59:08 IST